# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૧ તા.૨૭-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડના તમામ કર્મચારીઓ/શિક્ષકોના બાળકો તેમજ શ્રેષ્ઠ શિક્ષકોના સન્માન કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ પરિવાર કલ્યાણ વિકાસ ટ્રસ્ટનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ પરિવાર કલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકશ્રીઓ સહિત તમામ કર્મચારીઓના સંતાનો કે જેમણે માર્ચ/એપ્રિલ-૨૦૨૩માં લેવાયેલ ધોરણ-૧૦માં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ હોય , ધોરણ-૧૨ના તમામ પ્રવાહમાં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ, ચાલુ વર્ષે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવેલ હોય તેવા શિક્ષકો, સને ૨૦૨૨-૨૩માં જેમને પી.એચડી.ની પદવી પ્રાપ્ત કરેલ હોય તેમજ સને ૨૦૨૨-૨૩માં અધિકારી/ કર્મચારી/ મુખ્ય શિક્ષક/શિક્ષકો અથવા તેમના બાળકોએ રમતગમત ક્ષેત્રે/કલાક્ષેત્રે કે અન્ય વિશિષ્ટ સિદ્ધિ (રાજયકક્ષા, નેશનલકક્ષા,આંતરરાષ્ટ્રીય કક્ષા) મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ/શિક્ષકો/મુ.શિ./કર્મચારી/ અધિકારીઓનું સન્માન કરવાનું આયોજન કરેલ છે. આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી તા.૩૧-૦૭-૨૦૨૩ સુધીમાં વિદ્યાર્થીઓની પ્રમાણિત કરેલ માર્કશીટને બાળસંરક્ષણ ગૃહ, કામા હોટલાની બાજુમાં, ખાનપુર, અમદાવાદ ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : માહિતી પત્રક

તા.૨૭-૦૬-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

આથી અમદાવાદ મ્યુ.સ્કુલ બોર્ડના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/મુખ્ય શિક્ષકશ્રીઓ તેમજ શિક્ષકશ્રીઓને જણાવવાનુ કે અમદાવાદ મ્યુ.સ્કુલ બોર્ડ પરિવાર કલ્યાણ ટ્રસ્ટ તરફથી દર વર્ષે છાત્ર સન્માન તેમજ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે.

1. જે અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/મુખ્યશિક્ષકશ્રીઓ/શિક્ષકોના બાળકો સને 2022-23માં ધોરણ-10માં 75 ટકા કે તેથી વધુ માર્કસથી પાસ થયેલ હોય તેની વિગતો.
2. જે અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/મુખ્યશિક્ષકશ્રીઓ/શિક્ષકોના બાળકો સને 2022-23ના વર્ષમાં ધોરણ-12 સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહમાં 70 ટકા કે તેથી વધુ માર્કસથી પાસ થયેલ હોય તે બાબત.
3. ચાલુ વર્ષે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવેલ હોય તે બાબત.
4. સને 2022-23ના વર્ષમાં જે કર્મચારીઓ શિક્ષકોએ પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હોય તે બાબતે
5. સને 2022-23ના વર્ષ માટે જે અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/મુખ્યશિક્ષકશ્રીઓ/શિક્ષકોના બાળકો એ રમતગમત ક્ષેત્રે/કલા ક્ષેત્રે કે અન્ય વિશિષ્ટ સિદ્ધિ (રાજય કક્ષા, નેશનલ કક્ષા, આંતરરાષ્ટ્રીય કક્ષા ) મેળવી હોય તે બાબત.

ચાલુ વર્ષે ઉપરોકત બાબતે અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/મુખ્યશિક્ષકશ્રીઓ/શિક્ષકોના બાળકો અને બાળકોનું સન્માન કરવાનું હોવાથી નીચે જણાવ્યા મુજબની માહિતી જરુરી આધાર પુરાવા સાથે બાળ સંરક્ષણ ગૃહ (ઓબ્ઝર્વેશન હોમ), કામા હોટલની પાસે, ખાનપુર, અમદાવાદ-380 001 ખાતે ઓફિસ સમયે રજાના દિવસો સિવાય (બીજો ચોથો શનિવાર, રવિવાર, જાહેર રજા સિવાય ) રુબરુ અથવા ટપાલ દ્વારા મોકલી આપશો.

| અનું નં | વિગત | |
|---|---|---|
| 01 | અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/મુખ્યશિક્ષકશ્રીઓ/ શિક્ષકોના બાળકોના નામ | - -|
| 02 | અધિકારીશ્રીઓ/કર્મચારીઓ/મુખ્યશિક્ષકશ્રીઓ/ શિક્ષકોનું સરનામું, મોબાઇલ નંબર | - |
| 03 | વિદ્યાર્થીનું નામ | - |

| | | |
|---|---|---|
| 04 | ધો.10માં 75% કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય તે માર્કશીટની નકલ | - |
| 05 | ધો.12માં સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહમાં 75% કે તેથી વધુ માર્કસ મેળવેલ હોય તે માર્કશીટની નકલ | - |
| 06 | સને 2022-23ના વર્ષમાં પી.એચ.ડી.ની ડીગ્રી મેળેવલ હોય તેની વિગતો | - |
| 07 | અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ/મુખ્યશિક્ષકશ્રીઓ/ શિક્ષકોએ તેમજ તેમના બાળકોએ પણ રાજ્ય કક્ષાએ/રાષ્ટ્રીય કક્ષાએ/આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ મેળવી હોય તો તેની વિગતો | |
| 08 | ચાલુ વર્ષે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવેલ હોય તેની વિગતો | - |

ઉપરોકત બાબત અંગેની માહિતી તા.31-7-2023 સુધીમાં મોકલી આપશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ